Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

भो भव्याः प्रविशतान्तरङ्गराज्ये प्रथममेव मष्टव्या गुरवः । सम्यगनुष्ठेयस्तदुपदेशः । विधेयाहिताग्निनेवाशेषस्तदुपचर्या । कर्त्तव्यं धर्मशास्त्रपारगमनं । विमर्शनीयस्तात्पर्येण तद्भावार्थः । भावयितव्यस्तेन चेतसोऽवष्टम्भः । अनुशीलनीया धर्मशास्त्रे यथोक्ताः क्रियाः । पर्युपासनीयाः सन्तः । परिवर्जनीयाः सततमसन्तः । रक्षणीयाः स्वरूपोपमया सर्वजन्तवः । भाषितव्यं सत्यं सर्वभूतहितमपरुषमनतिकाले परीक्ष्य वचनं । न ग्राह्यमणीयोऽपि परधनमदत्तं । विधेयं सर्वासामस्मरणमसंकल्पमप्रार्थनमनिरीक्षणमनभिभाषणं च स्त्रीणां । कर्त्तव्यो बहिरङ्गान्तरङ्गसङ्गत्यागः विधातव्योऽनवरतं पञ्चविधः स्वाध्यायः ।

उपमितिभवप्रपंच.

પુસ્તક ૨૫ મું. ફાગણ. સં. ૧૯૬૬ શાકે ૧૮૩૧. અંક ૧૨ મો.

ॐ नमः सद्गुरुभ्यो.

## जीवने उपदेश.

રાગ કાફી (હીરાના પદનો)

કાળે સૌને કરડ્યારે, જીવ તારે જવું સહી;
આગળથી ચેતોરે, હજી છો સંસાર મહીં. કાળે૦ ૧
જેની આગળ ચમ્મર ઢળતા, ફરતા હજુરી હજાર;
તેવા નર પણ ગયા ગરદમાં, જોતાં નહિ જડનાર;
અજ્ઞાને અથડાણોરે, મુંઝાયે શું મોહી રહી. કાળે૦ ૨
આશા અમર ને જીવન થોડું, કરવાનાં કામ અપાર;
શું થાઈ ગયો તેથી કાંઈ નવ સુઝ્યું, ખાઈ બેઠો બહુ માર;
કરવાનું નવ કીધું રે, અજ્ઞાનના તાન મહીં. કાળે૦ ૩
ધન દોલત નારી ને દીકરા, સેવક સંબંધી સર્વ;
અંત સમે સૌ રહેશે આળગા, ઉતરી જાશે ગર્વ;
તે વખતે ત્યાં તારી રે, વાતો સંભળાયે નહીં. કાળે૦ ૪
મહા મહેનતે કરી મેળવેલી સૌ, રિદ્ધ સિદ્ધ રહેશે આંહી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવું પડશે ત્યારે જીવ એકલડો, સાથે ન આવે કાંઇ;
જન્મ્યા તેવા જાશો રે, સાથે પુન્ય પાપ લઇ. કાળો૦ ૫
સંસારમાં તું માયા માટે, પોઢતો નહીં પલવાર;
મરી ગયો ત્યારે મસાણ માંહી, પોઢચો થઇ લાચાર;
જરાએ ન હાલ્યો રે, સમજણ તેં શોધી નહીં. કાળો૦ ૬
ઓનરેબલ ને રાવ બહાદુરના, મેળવે કઇક ખેતાબ;
ખાન બહાદુર ને લ્લીડર થાતાં, શુરાતનના અબાબ;
તોપણ કાંઇ અંતકાળે રે, મોત ન જાશે ડરી. કાળો૦ ૭
સંસ્કૃત, ગૌડ અને મરેઠી, ઉરદુનો અભ્યાસ;
ફ્રેંચ, ઇટાલિક, ગ્રીક, ઇંગ્રેજી, કીધો જરમન રૂપસાપ;
પણ ધર્મ વિના રે, ભાષા સહુ ખોટી ઠરી. કાળો૦ ૮
મિથ્યા મનુષ્ય શું મમત કરીને, કરે કુટિલ તું કર્મ;
ફોગટ ફળ મેળવવા માટે, આચરે અતિ અધર્મ;
પાછળથી પસ્તાશે રે, સમજ તારા મનની મહીં. કાળો૦ ૯
માલમતા તું મુકી જઇશ તે, જશે જરૂર પરહસ્ત;
એક પાઇ ખાધી નવ ખરચી, સોંપી તેં મુડી સમસ્ત;
ભાગ્યોદય તુજ કેવું રે, કહેવું પડે મારે કંઇ. કાળો૦ ૧૦
માટે વિચારી મનમાં તું સમજે, તો તારૂં શુભ થાય;
પરમારથમાં ચિત્ત પરોવી, સદ્‌ગુણમાં તું આય;
તો તો તારી થાશે રે, મોક્ષગતિ જરૂર સહી. કાળો૦ ૧૧
સંસાર સમજી વીખનો પ્યાલો, મનમાં કદાપિ ન રીઝ;
પતંગ રંગી સગા સહુ પેખી, શોધી લે સ્વારથ નીજ;
માયાના સગપણની રે, વાતો મુક મનની મહીં: કાળો૦ ૧૨
સાચી રીતે સદ્‌ગુરૂ શોધ્યા વિણ, થાય ન જ્ઞાન પ્રકાશ;
ગુરૂ ગુરૂ કહે જ્ઞાન થશે નહિ, ભજ સદા જિનરાજ;
પ્રલય તેમ થાશે રે, અજ્ઞાનતા જ્ઞાન મહીં. કાળો૦ ૧૩
જીવને જ્ઞાનચક્ષુની આડાં, આવ્યાં માયાના પડળ;
એહ પડળને વેદ વદા વિણ, કોણ કરેજ વિમળ;
સતસંગી જીવને રે, અંધત્વથી દૂર કરી. કાળો૦ ૧૪
ભુલેલા જીવને ભાળ બતાવે, પરભાવની સદા સંત;
પંથે જતાં વડાં વિઘ્ન નડે પણ, સંત ચલાવે નચિંત;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધન્ય ધન્ય સદ્ગુરૂ રે, પ્રણમું આનંદ લહી. કાળે૦ ૧૫
કર્પૂરચરણાનુરાગી કહે છે, દિલખુશ સત્ય આ વાણ;
ભાવ ધરી જિનરાજ ભજે તે, અપહરે દુઃખની ખાણ;
અધમ પ્રયાસે રે, શિક્ષા આ રૂડી કહી. કાળે૦ ૧૬

લેખક
સે. શ્રી જૈન જ્ઞાન વર્ધક લાઇબ્રેરી.
માણેકપુર.

# પ્રભુપૂજાના ભેદ તથા તેના અંગે અગત્યનો ઉપદેશ.

( લેખક સન્મિત્ર કર્પૂરવિજયજી. )

" सयं पमज्जणे पुन्नं, सहस्सं च विलेवणे ।
सय साहस्सिया माला, अणंतं गीय वाइये. "

ઉક્ત આગમ–ગાથામાં પ્રભુની પૂજાનું અનુક્રમે અધિકાધિક ફળ બતાવ્યું છે, તેટલું ફળ યથાવિધ યતના પૂર્વક પ્રભુની ભકિત અનુક્રમે સ્નાત્ર–અભિષેક,ચંદન–વિલેપન, સુગંધી પુષ્પ–માલારોપણ અને ગીતવાજિત્ર–સંગીત નાટક ઉલ્લસિત ભાવથી આત્મ–કલ્યાણ અર્થે કરવાથી પ્રાપ્ત થાય છે. જેવી રીતે પ્રભુના જન્મઅભિષેક વખતે ૬૪ ઇંદ્રો અનેક દેવદેવીયુકત પ્રભુને મેરૂ શિખર ઉપર લઈ જઇ વિવિધ જાતની પૂજાસામગ્રી મેળવી પોતાની જાતે પ્રભુનો જન્મોત્સવ કરી અપૂર્વ આનંદ અનુભવી પોતે પોતાને કૃતકૃત્ય માને છે અને જેનો અધિકાર આગમમાં આવી રીતે વર્ણવેલો છે કે—

" येषामभिषेककर्म कृत्वा, मत्ता हर्षभरात्सुखं सुरेन्द्राः ।
तृणमपि गणयन्ति नैव नाकं, प्रातः सन्तु शिवाय ते जिनेन્द્રाः "

' જેમનો સ્નાત્ર–અભિષેક કરીને હર્ષ–ઉલ્લાસથી ગાંડા બની ગયેલા ઇંદ્રો સ્વર્ગનાં સુખને તૃણ તુલ્ય પણ લેખતા નથી, તે જિનેશ્વરો પ્રાતઃકાળે ભવ્ય જનોના મોક્ષને માટે થાઓ !' તેવી રીતે ભકિતભર હૃદયથી અત્ર મનુષ્યલોકમાં ભવ્ય જનોએ સાક્ષાત્ તીર્થંકરના વિરહે તીર્થંકરદેવની શાંત–પરમશાંત પ્રતિમાદ્વારા પ્રભુના સ્નાત્રાભિષેકનો લાભ પોતે જાતેજ પ્રતિદિન પોતાના પરિવારયુકત લેવો જોઇએ. આજ કાલ જેવી રીતે એક નોકર પૂજારી પાસે રાજવેઠની પેરે પ્રભુની પખાળપૂજા વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે બતાવી દેવામાં આવે છે એમાં અવશ્ય સુધારો કરી પોતાની જાતેજ શ્રદ્ધાવંત શ્રાવકોએ એ પવિત્ર કાર્ય પોતાનાજ કલ્યાણાર્થે કરવું યોગ્ય છે.

૧ અભિષેક કર્યા બાદ અતિ કોમળ અને બારીક સ્વચ્છ વસ્ત્રવડે પ્રભુનું પવિત્ર ગાત્ર લુંછી લેવું જોઇએ; તે પણ પોતે જાતેજ કરવું જોઇએ.

૨ ત્યારબાદ ઉત્તમ ચંદનાદિક શીતળ દ્રવ્યોવડે પ્રભુનાં સંપૂર્ણ ગાત્રે વિલેપન કરી પછી પવિત્ર કેશર, કસ્તુરી પ્રમુખ સુગંધી દ્રવ્યોવડે નવાંગે તિલક કરવાં જોઇએ; નિષ્કારણ અન્ય સ્થળે કેશર લગાવવું ન જોઇએ.

૩ વિલેપન કર્યા બાદ સરસ સુગંધી ખીલેલાં અને તાજાં પુષ્પો પ્રભુના અંગે ચઢાવવાં જોઇએ, કાચી કળી ચઢાવવી ન જોઇએ. ગુંથેલી પુષ્પની માળા મળે તો પ્રભુના કંઠે અથવા મસ્તકે આરોપવી જોઇએ.

૪ પછી પ્રભુની આગળ કૃષ્ણાગરૂ પ્રમુખ દશાંગ ધૂપ ઉખેવવો જોઇએ.

૫ ત્યારબાદ ગાયના સુગંધી ઘીવડે પુરીને મંગળ દીપ પ્રગટાવવો જોઇએ.

૬ પછી ઉજ્વળ અને અખંડ તંદુલવડે સ્વસ્તિક પ્રમુખ અષ્ટ મંગળ પ્રભુ પાસે આળેખવા જોઇએ.

૭ ત્યારબાદ સરસ એવાં જાતજાતનાં ફળ પ્રભુ પાસે ઢોકવાં જોઇએ.

૮ પછી વિધવિધ પકવાનથી ભરેલા રસાળ નૈવેદ્યના થાળ પ્રભુ પાસે ઢોકવા જોઇએ.

એવી રીતે નિત્ય પ્રતિ અષ્ટપ્રકારી પૂજા શ્રદ્ધાવંત શ્રાવકે સ્વદ્રવ્યવડે કરવી જોઇએ. એથી આત્માને અનેક પ્રકારના ઉત્તમ લાભ સંપજે છે.

૧ નિજ કર્મમળ દૂર થવાથી આત્મા ઉજ્વળ થાય છે.

૨ કષાયતાપ ઉપશમી જવાથી સહજ શીતળતા વ્યાપે છે.

૩ ચિત્તની શુદ્ધિ–પ્રસન્નતા પ્રગટે છે.

૪ મલીન વાસના–અધ્યવસાય દૂર થઇ જાય છે અને સદ્વાસના જાગે છે.

૫ અજ્ઞાન અંધકાર ટળે છે અને અંતર જ્યોતિ ઉલ્લસે છે.

૬ મંગળમય–નિર્દોષ કરણી કરી અક્ષય–અક્ષત સુખ મેળવવા ભાવ જાગે છે.

૭ જન્મમરણ સંબંધી સમસ્ત દુઃખરહિત મોક્ષફળ પામવા ઉત્કંઠા થાય છે, અને

૮ શરીર પ્રમુખ સર્વ ઉપાધિ તજી નિર્મળ સિદ્ધશીલા ઉપરજ વાસ કરવો

જેવી વિશુદ્ધ ભાવનાથી પ્રભુભક્તિ કરવામાં આવે છે તેવું ઉત્તમ ફળ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર કહ્યા મુજબ ભાવ સહિત દ્રવ્યપૂજા કરીને મન વચન કાયાની શુદ્ધિથી એકાગ્રપણે ચૈત્યવંદન પ્રમુખ ભાવપૂજા કરવા ઉજમાળ થવું ઘટે છે.

ચૈત્યવંદનાદિક ભાવપૂજા કરતાં દ્રવ્યપૂજા સાથે સંબંધ રાખવાની જરૂર નથી; કેવળ પ્રભુસ્તવનામાંજ લક્ષ પરોવવું જોઇએ. ભાવપૂજા કરવાનો હેતુ પ્રભુપ્રતિ પ્રેમ જગાડી, તેમની પવિત્ર આજ્ઞાને લક્ષી, આપણા દોષ દૂર કરી, સહજ આત્મિક ગુણ પ્રગટાવવાનો હોય છે, અને તેજ કર્તવ્ય છે. અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા ઉપરાંત ચોથી પ્રતિપત્તિ પૂજા શાસ્ત્રમાં વર્ણવી છે તે યથાશકિત પ્રભુની આજ્ઞાનું પાલન કરવા–દર્શન જ્ઞાન અને ચારિત્રધર્મનું આરાધન કરવા રૂપ સમજવાની છે; તેથીજ અંતે અક્ષય સુખ પમાય છે. ઇતિ શમ્.

# हिर प्रश्नांतर्गत केटलाएक प्रश्नोत्तर.

( અનુસંધાન પૃષ્ઠ ૩૪૨ થી )

પ્રશ્ન—શ્રાવક શ્રાવિકાને નંદીસૂત્ર **नाणं पंचविहं पन्नत्तं** ઇત્યાદિ રૂપ સંભળાવવું કે ત્રણ નવકારરૂપ સંભળાવવું ?

ઉત્તર—ત્રણ નવકારરૂપ સંભળાવવું.

પ્રશ્ન—ઉપધાનની વાચના શ્રાવક શ્રાવિકા ઉભા રહીને ગ્રહણ કરે કે બેસીને ગ્રહણ કરે ?

ઉત્તર—શ્રાવિકા ઉભી રહીને સાંભળે, અને શ્રાવક ચૈત્યવંદન મુદ્રાએ સાંભળે.

પ્રશ્ન—પૌષધિક શ્રાદ્ધ વસ્ત્રવડે મસ્તક બાંધીને દેવગૃહમાં જઇ દેવવંદન કરે કે મસ્તકથી વસ્ત્ર છોડી નાખીને કરે ?

ઉત્તર—મુખ્ય વૃત્તિએ તો પૌષધિક શ્રાવકને મસ્તકે વસ્ત્ર બાંધવાનો અધિકારજ નથી. કારણે ફાળીઆવડે મસ્તક બાંધ્યું હોય તો દેવગૃહમાં દેવવંદનાદિ ક્રિયા કરતાં છોડી નાખવું જોઇએ. એ સંબંધમાં બીજું કાંઇ વિશેષ જાણવામાં નથી.

પ્રશ્ન—સંવચ્છરી, પાખી, આઠમી, જ્ઞાનપંચમી અને રોહિણી વિગેરે તપ જેણે જાવજ્જીવ ઉચ્ચર્યા હોય તેને રોહિણી એ તિથિઓની આગળ કે પાછળ લગતી આવે ત્યારે છઠ્ઠ કરવાની શકિતનો અભાવ હોય તો શું કરવું ?

ઉત્તર—સર્વથા છઠ્ઠ કરવાની શકિતનો અભાવ સતે જે તપ પહેલો આવે તે પહેલો કરે અને જે તપ રહે તે પછી કરીને પહોચાડે.

પ્રશ્ન—શ્રાવકને અગ્યાર અંગ સંભળાવવાં નંદિ માંડવી જોઇએ કે નહીં ?

ઉત્તર—એ કારણે નંદિ માંડવાનો અધિકાર જાણ્યો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન—અન્યતીર્થી કોઈ માણસ જો ચોથું વ્રત ઉચ્ચરે તો નંદિ વિના પણ ઉચરે કે નંદિ સહિતજ ઉચરે ?

ઉત્તર—નંદિ વિના પણ ઉચરે, તેમાં કાંઈ નિષેધ જાણ્યો નથી.

પ્રશ્ન—પૌષધિક શ્રાદ્ધ જો આહાર ગ્રહણ કરે તો તેને જમ્યા પછી પાણી પીવું હોય તો ચૈત્યવંદના કર્યા વિના સુઝે કે નહીં ?

ઉત્તર—ચૈત્યવંદના કર્યા પછીજ પાણી પીવું સુઝે, અન્યથા ન સુઝે; કારણ કે પૌષધમાં શ્રાવકની ઘણી ક્રિયારીતિ યતિની જેમજ હોય છે.

પ્રશ્ન—રાત્રિ સંબંધી પૌષધ કરનાર શ્રાવક પ્રશ્રવણને ઉચ્ચાર ભૂમિ સંબંધી કેટલા માંડલા કરે ?

ઉત્તર—રાત્રિપૌષધિક લઘુનીતિ વડીનીતિ સંબંધી ચોવીશ માંડલા કરે. બાર મધ્યના ને બાર બહારના.

પ્રશ્ન—સંધ્યાકાળે રાત્રિપૌષધ કરે તે પૌષધ ઉચ્ચર્યા પછી પાણી પીવે કે નહીં?

ઉત્તર—ન પીએ. કારણ કે જે સંધ્યાએ રાત્રિપૌષધ કરે છે તેને આહાર પૌષધ સર્વથીજ ઉચ્ચરાવાય છે, દેશથી ઉચ્ચરાવાતો નથી; તેથી દિવસનો પૌષધ હોય કે ન હોય પણ રાત્રિપૌષધ કર્યા પછી પાણી ન પીવાય.

પ્રશ્ન—તિવિહારી નીવી, એકાશન, બ્યાશન કર્યે સતે લીલું શાક ખાવું સુઝે કે નહીં ?

ઉત્તર—તિવિહારી નીવી વિગેરે કર્યે સતે એકાંતે લીલું શાક ખાવાનો નિષેધ જાણ્યો નથી. સંવરને અર્થે ન ગ્રહણ કરે તો શ્રેય છે.

પ્રશ્ન—દિવસપૌષધિક સંધ્યાસમયે પડિલેહણ કરીને પછી જો રાત્રિપૌષધ કરે તો પડિલેહણાના આદેશ ફરીને માગે કે પૂર્વે માગેલા આદેશોજ ચાલી શકે ?

ઉત્તર—પડિલેહણાના આદેશ ફરીને માગવા ન જોઈએ.

પ્રશ્ન—એકાશન સહિત નિવીના પચ્ચખ્ખાણમાં ને એકાશનના પચ્ચખ્ખાણમાં ઉચ્ચરવામાં શું ફેર ?

ઉત્તર—નિર્વિકૃતિકના પ્રત્યાખ્યાનમાં निव्विगइयं पच्चक्खामि એમ કહે અને એકાશનના પ્રત્યાખ્યાનમાં विगइयं पच्चक्खामि એમ કહે, બીજો બધો પાઠ સરખો કરે. બીજું એ પણ અંતર છે કે—નિવીનું પચ્ચખ્ખાણ ત્રિવિધાહાર ચતુર્વિધાહાર રૂપજ થાય, અને એકાશનનું પચ્ચખ્ખાણ દ્વિવિધાહાર રૂપ પણ થાય.

પ્રશ્ન—પૌષધ ને સામાયિક ગ્રહણ કર્યા પછી તે પારવાનો વખત થયા પહેલાં જો પૌષધ કે સામાયિક લેનારના શરીરને કિલામના થઈ જાય તો શું કરવું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—પારવાની વેળા થયા પછી જો તે સાવધાન થાય તો તેને યથાશક્તિ પળાવવું, અને જો તે સાવધાન ન થાય તો તેને સમીપ રહેનારાએ પાળવાની વિધિ સંભળાવવી. તે પ્રમાણે સંભળાવ્યા અગાઉ મોટી વિરાધના થવા ન દેવી એમ સંભવે છે.

પ્રશ્ન—આરાત્રિક ને મંગળપ્રદીપ સૃષ્ટ્યા અથવા સંહારેણ ઉતારીએ ત્યારે તે ઉતારવાનો પાઠ શું બોલવો ?

ઉત્તર—જિનપ્રતિમા પાસે આરાત્રિક મંગળપ્રદીપ સૃષ્ટ્યાજ ઉતારાય છે, સંહારેણ ઉતારાતા નથી. પૂર્વાચાર્યપ્રણીત ગ્રંથમાં કોઇક જગ્યાએ સંહારેણ ઉતારવાના પણ અક્ષરો છે; પરંતુ શ્રાદ્ધવિધિ અને જિનપ્રભસૂરિકૃત પૂજાપ્રકરણમાં તો સૃષ્ટ્યા ઉત્તારણજ કહેલ છે, તેથી તે પ્રમાણે કરવામાં આવે છે. તે ઉતારવાની ગાથા આ પ્રમાણે—

मरगयमणि घडिय विसालथालमाणिक्कमंडियपइवो ।
न्हवण परकरुक्खित्तो, भमउ जिणारत्तियं तुम्हं ॥ १ ॥

પ્રશ્ન—શ્રાવકને જો અગ્યાર અંગ સંભળાવીએ તો તે પહેલાને ચોથા પહોરેજ સંભળાવાય કે બીજા ત્રીજા પહોરે પણ સંભળાવાય ?

ઉત્તર—જો કેવળ સૂત્રથીજ સંભળાવવા હોય તો પહેલા ને ચોથા પહોરેજ સંભળાવવા સુઝે, અને અર્થસહિત સંભળાવવા હોય તો બીજે ત્રીજે પહોરે પણ સુઝે.

પ્રશ્ન—સત્તરભેદી પૂજામાં અષ્ટમંગળની પૂજા વખતે અષ્ટમંગળ રચીને થાળ ભર્યા પછી તેને ભેળવી દેતાં તેની અંદર રહેલા મત્સ્યયુગલના આકારનો ભંગ કર્યાનું પાતક લાગે કે નહીં ?

ઉત્તર—અષ્ટમંગળમાં મત્સ્યયુગલનો આકાર કરવાનું વિધાન શાસ્ત્રાનુસારી હોવાથી યુક્ત છે, અને પૂજા થઇ રહ્યા પછી તેનું અપનયન પણ યુક્તજ જણાય છે. આ બાબતમાં યુક્તિ પણ આ પ્રમાણે વર્ત્તે છે–જ્યારે ઇંદ્ર જિનજન્મોત્સવ કરવા આવે છે ત્યારે પ્રથમ ભગવંતના જન્મગૃહે આવીને માતાની પાસેથી ભગવંતને લઇ, તેને બદલે ભગવંતનું પ્રતિબિંબ ત્યાં મુકી, મેરૂપર્વતે જઇ, જન્માભિષેક કરી, પાછા ત્યાં આવી, માતા પાસે ભગવંતને મુકી, પ્રતિબિંબ વિસર્જન કરે છે; તેમજ નવા પિત્તળાદિક ધાતુના પ્રતિમા ભરાવે છે ત્યારે પ્રથમ મીણનો પ્રતિમાનો આકાર બનાવી ફરતી માટી પુરીને પછી મધ્યમાંથી મીણ તપાવીને ગાળી નાખે છે; પછી તેમાં પીત્તળાદિ ધાતુનો રસ ભરે છે. આમાં કે પહેલી બાબતમાં હિંસાના પરિણામ ન હોવાથી જેમ પાપ કે આશાતના લાગતી નથી તેમ મત્સ્યયુગલના સંબંધમાં પણ જાણવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન—જિનપ્રતિમાને તે ના તે આભરણ પ્રતિદિન પહેરાવાય છે તેનું નિર્માલ્યપણું કેમ થતું નથી ?

ઉત્તર—શાસ્ત્રમાં તેને આશ્રીને એમ કહ્યું છે કે भोगविनष्टं द्रव्यं निर्माल्यं ભોગથી વિનાશ પામે તે દ્રવ્ય નિર્માલ્ય જાણવું; તેથી આભરણોનું ભોગવિનષ્ટપણું થતું ન હોવાથી તેની નિર્માલ્યતા થતી નથી એમ જાણવું.

પ્રશ્ન—વિષ્ણુકુમારનો સંબંધ કયા ગ્રંથમાં વર્તે છે ? અને તેમણે લાખ યોજનનું શરીર કર્યું સાંભળીએ છીએ તે ઉત્સેધ અંગુળ નિષ્પન્ન યોજન કે પ્રમાણાંગુળ નિષ્પન્ન યોજન જાણવા ? વળી તેમણે પૂર્વ પશ્ચિમ સમુદ્ર ઉપર પગ મુકયા કહ્યા છે તો તેને આશ્રીને જે પ્રમાણે ઘટમાન હોય તે પ્રમાણે બતાવવા કૃપા કરશો.

ઉત્તર—વિષ્ણુકુમારનો સંબંધ ઉત્તરાધ્યયનવૃત્તિ, પુષ્પમાલાવૃત્તિ પ્રમુખ ગ્રંથોમાં વર્તે છે, અને તેમણે જે લક્ષ યોજનનું શરીર વિકુર્વ્યું તે ઉત્સેધાંગુળ નિષ્પન્ન યોજન જાણવા. તેમણે પૂર્વ પશ્ચિમ સમુદ્ર ઉપર પગ મુકયા તે જંબૂદ્વીપની અંદર રહેલા લવણસમુદ્રની ખાઇ ઉપર મુકયા હશે એમ સંભવે છે. કારણકે પૂર્વ પશ્ચિમ લવણ સમુદ્રનો સ્પર્શ તો અશકય જણાય છે.

પ્રશ્ન—પ્રતિવાસુદેવ ગર્ભમાં આવે ત્યારે તેની માતા કેટલાં સ્વપ્ન દેખે ?

ઉત્તર—સપ્તતિશતસ્થાનક અને શાંતિનાથ ચરિત્રાદિને અનુસારે ત્રણ સ્વપ્ન દેખે એમ જણાય છે.

પ્રશ્ન—તે દિવસનું તળેલું પકવાન્ન કટાહ વિગયના પ્રત્યાખ્યાનવાળાને કલ્પે કે નહીં ?

ઉત્તર—પ્રત્યાખ્યાન કરતી વખત જો મોકળું રાખ્યું હોય તો કલ્પે, અન્યથા ન કલ્પે, એમ પરંપરા દેખાય છે.

પ્રશ્ન—ચોમાસામાં અઢી ગવ્યૂત (પાંચ ગાઉ) પ્રમાણ નદી ઉતરીને આહાર લેવા જવાની આજ્ઞા છે તેમ વંદનાર્થે અથવા ક્ષામણાર્થે પણ જવાય કે નહીં ?

ઉત્તર—ભિક્ષા ગ્રહણાર્થે જવાની જેમ એક પગ જળમાં કરીને અને એક પગ સ્થળમાં કરીને જો વંદનાર્થે કે ક્ષામણાર્થે પણ જાય તો શાસ્ત્રાનુસારે એકાંતિક નિષેધ જણાતો નથી; પરંતુ હમણા તેવી પ્રવૃત્તિ દેખાતી નથી.

પ્રશ્ન—બે શ્રાવક પ્રતિક્રમણ કે સામાયિક સાથે કરતા હોય તેમાં એકના હાથમાંથી બીજાએ ચરવળો પાડી નાખ્યો હોય તો બેમાંથી ઇર્યાવહી કોને આવે ? અથવા શું બંનેને આવે ?

ઉત્તર—જેના હાથમાં ચરવળો છે તેણે સાવધાનપણે પકડેલો હોય છતાં બી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાના હાથથી પડે તો પાડનારને ઇર્યાવહી આવે, પણ જો પકડનારે પણ અસાવધાનપણે પકડેલો હોય તો બંનેને આવે.

પ્રશ્ન—શુદ્ધ ક્રિયા કરતાં અને શુદ્ધ ક્રિયા પાળતાં ઇર્યાવહી આવે એમ જણાતું નથી તો તેણે કેટલે મુહૂર્તે તો ઇર્યાવહી પડિકમવાજ જોઇએ ?

ઉત્તર—શુદ્ધ ક્રિયા કરતાં ઉપયોગ પૂર્વક પ્રમાર્જનાદિ વિધિએ બેસે ઉઠે વિગેરે કરે તો તેને ઇર્યાવહી આવે નહીં, બાકી તેને આશ્રીને કાળમાન કહેલું જાણવામાં નથી: તથાપિ બીજી ક્રિયા કરતાં તો પ્રારંભમાં ઇર્યાવહી પડિકમાયજ છે, કારણ કે ઘણી વેળા સુધી મન વચન કાયાના ઉપયોગનો સમ્યગ્ અવબોધ રહી શકતો નથી.

પ્રશ્ન—અષ્ટાપદ પર્વત ઉપર ભરત ચક્રવર્તીએ કરાવેલ સિંહનિષદ્યા પ્રમુખ પ્રાસાદ અને તેમાં પધરાવેલા બિંબો આજ સુધી શી રીતે રહ્યા અને શ્રી શત્રુંજય પર્વત ઉપર ભરતેજ કરાવેલા પ્રસાદ ને બિંબો કેમ ન રહ્યા ? કેમકે ત્યાં તો અસંખ્યાતા ઉદ્ધાર થયા કહેવાય છે. માટે અષ્ટાપદ ઉપર કેની સાંનિધ્ય અને શત્રુંજય ઉપર કેની સાંનિધ્ય નહીં કે જેથી એટલો ભેદ પડ્યો ?

ઉત્તર—અષ્ટાપદ પર્વત ઉપર ભરતચક્રવર્તીના કરાવેલા પ્રાસાદાદિના સ્થાનનું નિરપાયપણું હોવાથી તેમજ દેવાદિકની સાંનિધ્ય હોવાથી તેનું આજસુધી રહેવું યુક્તિવાળું જણાય છે, અને શત્રુંજયે સ્થાનનું સાપાયપણું હોવાથી અને તથાવિધ દેવસાંનિધ્યનો અભાવ હોવાથી ભરતે કરાવેલા પ્રાસાદાદિ અત્યાર સુધી અવસ્થિત રહ્યા જણાતા નથી. આ બાબતમાં વસુદેવ હિંડીમાં કહ્યું છે કે:—केवइयं पुण कालं आययणं अवसिज्जिस्सइ ? ततो तेण अमच्चेण भणिअं जाव इमाउ सप्पिणीत्ति मे केवलिजिणाण अंतिए सुअं ઇત્યાદિ. આ સંબંધમાં તત્ત્વ તો તત્ત્વવિત્(સર્વજ્ઞ)જાણે.

ઇતિ શ્રી સકલસૂરિ પુરંદર પરમગુરૂ તપાગચ્છાધિરાજ
ભટ્ટારક શ્રી ૫ શ્રી હીરવિજય સૂરિ પ્રસાદી કૃત
પ્રશ્નોત્તર સમુચ્ચય તેમના શિષ્ય પંડિત કીર્ત્તિ
વિજયગણિએ બનાવ્યો તેમાંથી કેટલા-
એક પ્રશ્નોત્તરોનું ભાષાંતર સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દુર્ધ્યાનનાં ૬૩ સ્થાનોનું સ્વરુપ.

त्रिषष्टिध्यानस्थानानि, उत्पन्नान्यार्त्तरौद्रतः ।
तत्स्वरूपं लिखामि द्वितीयप्रकीर्णसूत्रतः ॥ १ ॥

ભાવાર્થ—" આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનથી ઉત્પન્ન થયેલાં ત્રેસઠ ધ્યાનનાં સ્થાનકો છે. તેનું સ્વરૂપ બીજા પ્રકીર્ણસૂત્રથી ( આઉર પચ્ચખ્ખાણથી ) અત્રે લખું છું."

આતુર પ્રત્યાખ્યાન નામના પ્રકીર્ણકસૂત્ર (પયન્ના સૂત્ર) માં "अन्नाण झाणे" ઈત્યાદિ પાઠ છે, તેમાં દુર્ધ્યાનનાં ત્રેસઠ સ્થાનકો ગણાવ્યાં છે.

૧ અજ્ઞાન ધ્યાન—" અજ્ઞાનજ કલ્યાણકારી છે. કેમકે તેમાં વ્યાખ્યાન વાંચવું, ભણવું, ભણાવવું વિગેરે આયાસનો અભાવ છે. " એમ મનમાં વિચારવું, તે અજ્ઞાનધ્યાન કહેવાય છે. તે ધ્યાન જ્ઞાનપંચમીની કથામાં કહેલા **વસુદેવાચાર્યે** કર્યું હતું, માટે તેવું દુર્ધ્યાન ધ્યાવું નહીં.

૨ અનાચાર ધ્યાન—અનાચાર તે દુરાચાર–દોષયુક્ત આચરણ તે સંબંધી ધ્યાન. તે કોકણ સાધુએ ક્ષેત્રમાં અગ્નિ સળગાવવા રૂપ કર્યું હતું; તથા દેવતા થયેલા શિષ્ય કહેવા નહીં આવવાથી ચારિત્રનો ત્યાગ કરવાને ઈચ્છતા **આષાઢસૂરિએ** તે ધ્યાન કર્યું હતું.

૩ કુદર્શન ધ્યાન—બૌદ્ધાદિક મિથ્યાદર્શનનું ધ્યાન **સુરાષ્ટ્ર** શ્રાવકે કર્યું હતું.

૪ ક્રોધ ધ્યાન—**કુલવાલુક**, ગોશાળક, પાલક, નમુચિ, શિવભૂતિ વિગેરેએ કર્યું હતું.

૫ માન ધ્યાન—બાહુબળિ, સુભૂમ ચક્રી, પરશુરામ, હઠથી આવેલા સંગમદેવ વિગેરેએ કર્યું હતું.

૬ માયાધ્યાન—અન્યને છેતરવા રૂપ માયાધ્યાન આષાઢભૂતિ **મુનિએ** લાડુ વહોરવા માટે કર્યું હતું.

૭ લોભ ધ્યાન—સિંહકેસરિયા લાડુના ઈચ્છક સાધુએ કર્યું હતું.

૮ રાગ ધ્યાન—રાગ તે અભિષ્વંગમાત્ર સમજવો. તેના સ્નેહરાગ કામરાગ અને દષ્ટિરાગ એ ત્રણ પ્રકાર છે. તેમાં વિષ્ણુશ્રીના ઉપર વિક્રમયશ રાજાને કામરાગ થયો હતો, દામન્નકના સસરાનું પોતાના પુત્રનું મરણ સાંભળીને સ્નેહરાગને લીધે હૃદય ફાટી ગયું હતું, અને કપિલને દષ્ટિરાગ ( દર્શનનો રાગ) થવાથી બ્રહ્મ દેવલો-

૧ ઉપદેશ પ્રાસાદ સ્તંભ ૨૩ મો, વ્યાખ્યાન ૩૩૫ મું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કમાંથી આવીને પોતાના મતના રાગથી પોતાના શિષ્યોને આસુરે રમસે ઇત્યાદિ કહ્યું હતું. આ ત્રણે પ્રકારના રાગનું ધ્યાન ન કરવું.

૯ અપ્રીતિ ધ્યાન—અપ્રીતિ એટલે અન્ય ઉપર દ્રોહનો અધ્યવસાય અથવા દ્વેષ, તે ધ્યાન યજ્ઞની શરૂઆત કરાવનારા મધુપિંગ અને પિપ્પલ વિગેરેને થયું હતું તથા હરિવંશની ઉત્પત્તિમાં વીરકદેવને થયું હતું.

૧૦ મોહધ્યાન—વાસુદેવના શબને ઉપાડીને છ માસ સુધી ફરનારા બળભદ્રને થાય છે તેવું સમજવું.

૧૧ ઇચ્છાધ્યાન—ઈચ્છા એટલે મનમાં ધારેલો લાભ મેળવવાની ઉત્કટ અભિલાષા. તેનું ધ્યાન તે ઇચ્છાધ્યાન. તે બે માષા સુવર્ણના અર્થી કપિલને કોટી સુવર્ણના લાભમાં પણ ઈચ્છાનો અંત આવ્યો નહોતો તેની જેમ સમજવું.

૧૨ મિથ્યાધ્યાન—મિથ્યા એટલે વિપર્યસ્ત ( અવળી ) દૃષ્ટિપણું તેનું ધ્યાન તે મિથ્યાધ્યાન. તે જમાલિ, ગોવીંદ વિગેરેને થયું હતું.

૧૩ મૂર્છાધ્યાન—મૂર્છા એટલે પ્રાપ્ત થયેલા રાજ્યાદિક ઉપર અત્યંત આસક્તિ, તેનું ધ્યાન તે મૂર્છાધ્યાન. તે પુત્રોને ઉત્પન્ન થતાંજ મારી નાંખનાર અથવા ખોડ ખાંપણવાળા કરનાર કનકધ્વજ રાજાને થયું હતું.

૧૪ શંકાધ્યાન—શંકન તે શંકા એટલે સંશય કરવો. તેનું ધ્યાન તે શંકા ધ્યાન. તે આષાઢસૂરિના અવ્યક્તવાદી શિષ્યોને થયું હતું.

૧૫ કાંક્ષાધ્યાન—એટલે અન્ય અન્ય દર્શનનો–પોતાના દર્શનનો આગ્રહ અર્થાત્ કાંક્ષા તેનું ધ્યાન તે કાંક્ષાધ્યાન. તે " હે કપિલ ! ત્યાં પણ ધર્મ છે અને અહ મારા મતમાં પણ ધર્મ છે. " એમ બોલનારા મરિચિને થયું હતું.

૧૬ ગૃહિધ્યાન—એટલે આહારાદિકને વિષે અત્યંત આકાંક્ષાનું ધ્યાન. તે મથુરાવાસી મંગુસૂરિને તથા વ્રતનો ત્યાગ કરનાર કંડરિક રાજાને થયું હતું.

૧૭ આશાધ્યાન—એટલે પારકી વસ્તુ મેળવવાની અભિલાષાનું ધ્યાન. નિર્દય બ્રાહ્મણના પાથેય પ્રત્યે પાથેય વિનાના મૂલદેવને થયું હતું.

૧૮ તૃષાધ્યાન—તૃષાપરિષહના ઉદયથી ઉત્પન્ન થયેલી પીડા. તે પીડા કરીને થતું જે ધ્યાન તે તૃષાધ્યાન. આ ધ્યાન પિતાસાધુની સાથે જતાં માર્ગે તૃષાથી પીડાયેલા ક્ષુલ્લક સાધુને થયું હતું.

૧૯ ક્ષુધાધ્યાન—ક્ષુધાના પરવશપણાથી થતું ધ્યાન તે ક્ષુધાધ્યાન. તે રાજગ નગરના ઉદ્યાનમાં આવેલા લોકોને મારવા તૈયાર થયેલા દ્રમકને થયું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦ પથિધ્યાન—એટલે અલ્પ કાળમાં ઇષ્ટ સ્થાને પહોંચવાનું ધ્યાન. તે ધ્યાન પોતનપુરના માર્ગને શોધતા વલ્કલચિરિને થયું હતું.

૨૧ વિષમ માર્ગ ધ્યાન—ઘણા વિકટ માર્ગનું ધ્યાન. તે સનત્કુમારને શોધનાર મહેન્દ્રસિંહને અથવા બ્રહ્મદત્તને શોધનાર વરધનુને થયું હતું.

૨૨ નિદ્રાધ્યાન—એટલે નિદ્રાને આધીન થયેલાનું ધ્યાન. તે ધ્યાન સ્ત્યાનર્દ્ધિ નિદ્રાએ કરીને પાડાનું માંસ ખાનાર, હસ્તિના દાંત ખેંચી કાઢનાર, તથા મોદકના અભિલાષી સાધુને થયું હતું.

૨૩ નિદાનધ્યાન—એટલે બીજા ભવમાં સ્વર્ગની અથવા મનુષ્યપણાની સમૃદ્ધિ મેળવવાની ઇચ્છાથી નવ પ્રકારનાં નિયાણાં કરવા સંબંધી ધ્યાન. તે નંદિષેણ, સંભૂતિ અને દ્રૌપદી વિગેરેને થયું હતું.

૨૪ સ્નેહધ્યાન—સ્નેહ એટલે મોહના ઉદયથી પુત્રાદિકને વિષે થતી પ્રીતિ વિશેષ. તે ધ્યાન મરૂદેવા, સુનંદા અને અર્હન્નકની માતાને થયું હતું.

૨૫ કામધ્યાન—કામ એટલે વિષયનો અભિલાષ તેનું ધ્યાન તે કામધ્યાન. તે હાસા અને પ્રહાસા દેવીએ દેખાડેલા વિષયસુખના લોભથી કુમારનંદિ સોનીને થયું હતું, તથા રાવણને થયું હતું.

૨૬ અપમાનધ્યાન—અપમાન એટલે પરગુણની પ્રશંસા સાંભળીને થતી ઈર્ષ્યા અથવા ચિત્તની કાલુષ્યતા [મલિનતા], તેનું ધ્યાન તે અપમાનધ્યાન. તે બાહુ અને સુબાહુની પ્રશંસાને નહીં સહન કરનાર પીઠ અને મહાપીઠને તથા સ્થૂળભદ્રની પ્રશંસાને સહન નહીં કરી શકનાર સિંહગુફાવાસી મુનિને થયું હતું.

૨૭ કલહધ્યાન—એટલે કલેશ કરાવવાનું ધ્યાન. તે રૂક્મિણી અને સત્યભામાના સંબંધમાં તથા કમલામેલાના દૃષ્ટાંતમાં નારદને થયું હતું.

૨૮ યુદ્ધધ્યાન—એટલે શત્રુના પ્રાણવ્યપરોપણના અધ્યવસાયરૂપ ધ્યાન. તે હલ્લ તથા વિહલ્લ નામના બંધુના વિનાશ માટે ચેડા રાજાની સાથે યુદ્ધ કરનારા કોણિકને થયું હતું.

૨૯ નિયુદ્ધધ્યાન—પ્રાણના અપહારરૂપ અધમ યુદ્ધ રહિત યષ્ટિ મુષ્ટિ વિગેરેથી જે જય મેળવવો તે નિયુદ્ધ કહેવાય છે, તેનું ધ્યાન તે નિયુદ્ધ ધ્યાન. તે ધ્યાન બાહુબળી તથા ભરત રાજાને થયું હતું.

૩૦ સંગધ્યાન—સંગ એટલે ત્યાગ કર્યા છતાં પણ ફરીથી તેના સંયોગની અભિલાષા, તેનું ધ્યાન તે સંગધ્યાન. તે રાજીમતી પ્રત્યે રથનેમિને તથા નાગિલા પ્રત્યે ભવદેવને થયું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૧ સંગ્રહધ્યાન—અત્યંત અતૃપ્તિવડે ધનાદિકનો સંગ્રહ કરવાનું ધ્યાન તે સંગ્રહધ્યાન. તે મમ્મણ શ્રેષ્ઠીને થયું હતું.

૩૨ વ્યવહારધ્યાન—પોતાના કાર્યના નિર્ણય માટે રાજાદિક પાસે ન્યાય કરાવવો તે વ્યવહાર કહેવાય છે, તેનું ધ્યાન તે વ્યવહારધ્યાન. તે બે સપત્નીઓને પોતપોતાનો પુત્ર ઠરાવવા માટે થયું હતું.

૩૩ ક્રયવિક્રયધ્યાન—લાભને માટે અલ્પ મૂલ્યવડે વધારે મૂલ્યવાળી વસ્તુ ખરીદ કરવી તે ક્રય કહેવાય છે, અને ઘણું મૂલ્ય લઇને અલ્પ મૂલ્યવાળી વસ્તુ વેચવી તે વિક્રય કહેવાય છે. તે ક્રયવિક્રયનું ધ્યાન આભીરીને કપાસ આપનાર વણિકને થયું હતું.

૩૪ અનર્થદંડધ્યાન—એટલે પ્રયોજન વિના હિંસાદિક કરવાનું ધ્યાન. તે અત્યંત ઉન્મત્તપણાને લીધે દ્વૈપાયન મુનિને કષ્ટ આપનાર શાંબ વિગેરેને થયું હતું.

૩૫ આભોગધ્યાન—આભોગ એટલે જ્ઞાનપૂર્વક વ્યાપાર, તેનું ધ્યાન તે આભોગ ધ્યાન. તે બ્રાહ્મણનાં નેત્રો ધારીને વડગુંદાનું મર્દન કરનારા બ્રહ્મદત્ત ચક્રીને થયું હતું.

૩૬ અનાભોગ ધ્યાન—અનાભોગ એટલે અત્યંત વિસ્મરણ, તેથી થતું ધ્યાન તે અનાભોગધ્યાન. તે પ્રસન્નચંદ્રને થયું હતું.

૩૭ ઋણધ્યાન—ઋણ તે દેવું, તે આપવા માટે થતું ધ્યાન તે ઋણધ્યાન.[૧]

૩૮ વૈરધ્યાન—એટલે માતપિતાદિકના વધથી અથવા રાજ્યના અપહારથી ઉત્પન્ન થતું ધ્યાન. તે પરશુરામ તથા સૂભૂમને થયું હતું, અને સુદર્શનના ઉપર કામરાગવાળી વ્યંતરી થયેલી અભયા રાણીને થયું હતું.

૩૯ વિતર્કધ્યાન—વિતર્ક એટલે રાજ્યાદિક ગ્રહણ કરવાની ચિંતા, તેનું ધ્યાન. તે નંદ રાજાનું રાજ્ય લેવાની ઇચ્છાવાળા ચાણિક્યને થયું હતું.

૪૦ હિંસાધ્યાન—એટલે પાડા વિગેરેની હિંસા કરવાનું ધ્યાન તે કૂવામાં નાખેલા કાળસોકરિકને થયું હતું.

૪૧ હાસ્યધ્યાન—હાસ્ય કરવાનું ધ્યાન. મિત્ર સહિત ચંદ્રરૂદ્ર આચાર્યનું હાસ્ય કરનાર શિષ્યને થયું હતું.

૪૨ પ્રહાસધ્યાન—પ્રહાસ તે ઉપહાસ. નિંદા અથવા સ્તુતિ રૂપ, તેનું ધ્યાન

૧ તેલકવૈકાયાતિ મગિન્યા ઇવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પ્રહાસધ્યાન. તે 'હે નૈમિત્તિક મુનિ! હું તમને વંદન કરૂં છું" એ પ્રમાણે વાતિક મુનિ પ્રત્યે મશ્કરીમાં બોલતા ચંડપ્રદ્યોત રાજાને થયું હતું.

૪૩ પ્રદ્વેષધ્યાન—અતિ દ્વેષવાળું ધ્યાન તે પ્રદ્વેષધ્યાન. તે મરૂભૂતિ તરફ કમઠને તથા શ્રી મહાવીર સ્વામીના કાનમાં ખીલા નાંખનાર ગોપને થયું હતું.

૪૪ પરૂષધ્યાન—પરૂષ એટલે અતિ નિષ્ઠુર કર્મ, તેનું ધ્યાન તે પરૂષધ્યાન. તે બ્રહ્મદત્તપુત્ર ઉપર ચુલની રાણીને તથા યુગબાહુ ભાઇ ઉપર મણિરથને થયું હતું.

૪૫ ભયધ્યાન—ભય એ મોહની અંતર્ગત રહેલી નોકષાય પ્રકૃતિ છે. તેનું ધ્યાન ગજસુકુમાલને ઉપસર્ગ કરનારા સોમિલ સસરાને થયું હતું.

૪૬ રૂપધ્યાન—આદર્શાદિકમાં જે જોવું તે રૂપ કહેવાય છે, તેનું ધ્યાન તે રૂપધ્યાન. તે બે પ્રકારનું છે. સ્વરૂપધ્યાન અને પરરૂપધ્યાન. તેમાં "મારૂં રૂપ સારૂં છે" એમ જે માનવું તે સ્વરૂપધ્યાન સનત્કુમારને થયું હતું, અને પરરૂપધ્યાન શ્રેણિક રાજાનું ચિત્ર આળેખેલ ફલક (પાટીયું) જોઇને સુજ્યેષ્ઠા અને ચેલણાને થયું હતું.

૪૭—આત્મપ્રશંસાધ્યાન—પોતાની પ્રશંસા કરવાનું ધ્યાન શકટાલ મંત્રીના મુખથી પોતાની કવિતાની પ્રશંસા કરાવવા ઇચ્છનાર વરરૂચિને થયું હતું, તથા કોશા વેશ્યાને પોતાની કળાકુશળતા બતાવનાર રથકારને થયું હતું.

૪૮ પરનિંદાધ્યાન—તે કુરગડુક પ્રત્યે ચાર સાધુને થયું હતું.

૪૯ પરગર્હાધ્યાન—પારકી ગર્હા એટલે અન્ય જનોપાસે પરના છતા અછતા દોષ પ્રગટ કરવા તે. આ ધ્યાન સંઘ સમક્ષ દુર્બલિકા પુષ્પમિત્રની ગર્હા કરનાર ગોષ્ટામાહિલને થયું હતું.

૫૦ પરિગ્રહ ધ્યાન—ધન ધાન્યાદિક પરિગ્રહ નવો મેળવવાનું ધ્યાન અથવા ગયેલી સમૃદ્ધિને પાછી મેળવવાનું ધ્યાન તે પરિગ્રહધ્યાન. તે ધ્યાન ચારૂદત્તને થયું હતું, તથા મુનિપતિ સાધુ વિહાર કરતાં કુંચિક શ્રેષ્ઠીને થયું હતું.

૫૧ પરપરિવાદ ધ્યાન—અન્યના અછતા દોષો અન્ય જન પાસે પ્રગટ કરવા તે પરપરિવાદ કહેવાય છે, તેનું ધ્યાન તે પરપરિવાદધ્યાન. તે સુભદ્રા પ્રત્યે તેની સાસુ તથા નણંદને થયું હતું.

૫૨ પરદૂષણ ધ્યાન—પોતે કરેલા દોષનો બીજા નિર્દોષ પ્રાણી ઉપર આરોપ કરવો તે પરદૂષણ કહેવાય છે. તે સંબંધી ધ્યાન તે પરદૂષણ ધ્યાન. તે પતિની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હત્યા રૂપ પોતાના દોષને ભદ્રક વૃષભ ઉપર આરોપણ કરનાર જિનદાસની સ્ત્રીને થયું હતું.

૫૩ આરંભ ધ્યાન—આરંભ તે બીજાને ઉપદ્રવ કરવો, તે સંબંધી ધ્યાન તે આરંભ ધ્યાન. તે કુરૂટ અને ઉકુરૂડ મુનિને તથા દ્વીપાયન ઋષિને થયું હતું.

૫૪ સંરંભ ધ્યાન—સરંભ તે વિષયાદિકનો તીવ્ર અભિલાષ, તે સંબંધી ધ્યાન તે સંરંભ ધ્યાન. તે માતાના ઉપરોધથી વ્રત પાળતાં છતાં પણ વિષયની અભિલાષાવાળા ક્ષુલ્લક કુમારને થયું હતું.

૫૫ પાપધ્યાન—પરસ્ત્રીસેવન વિગેરે પાપકર્મનું અનુમોદન એટલે તેવે પ્રસંગે ' આણે આ ઠીક કર્યું ' એમ જે બોલવું તે પાપ કહેવાય છે, તેનું ધ્યાન તે પાપધ્યાન. તે " આ ભોગીભ્રમર રાજાને ધન્ય છે " ઇત્યાદિ અનુમોદન કરનારા લોકોને થયું હતું.

૫૬ અધિકરણધ્યાન—પાપની ઉત્પત્તિના કારણરૂપ જે અધિકરણ તે સંબંધી ધ્યાન તે અધિકરણ ધ્યાન. તે વાપી કૂપાદિક કરાવવામાં તત્પર થયેલા નંદ મણિકારને થયું હતું.

૫૭ અસમાધિમરણધ્યાન—' આ અસમાધિવડે મરણ પામો ' એવું અસમાધિમરણધ્યાન સ્કન્દકાચાર્ય પ્રત્યે ક્ષુલ્લક સાધુને પહેલો યંત્રમાં પીલતાં અભવ્ય એવા પાલક પુરોહિતને થયું હતું.

૫૮ કર્મોદયપ્રત્યયધ્યાન—કર્મના ઉદયને આશ્રીને થયેલું ધ્યાન તે કર્મોદયપ્રત્યયધ્યાન. તે પ્રથમ શુભ પરિણામ છતાં પછીથી કોઈ પણ અશુભ કર્મના ઉદયથી અશુભ પરિણામવાળા થયેલા વિષ્ણુને અંતકાળે થયું હતું.

૫૯ ઋદ્ધિગૌરવધ્યાન—રાજ્ય ઐશ્વર્ય વિગેરે સમૃદ્ધિવડે પોતાની ઉત્કૃષ્ટતારૂપ ગૌરવતા [ મોટાઈ ]નું ધ્યાન, તે ઋદ્ધિગૌરવધ્યાન દશાર્ણભદ્રને થયું હતું.

૬૦ રસગૌરવધ્યાન—જિહ્વા ઇન્દ્રિયવડે ગ્રહણ કરાતા રસ ( ભોજન) ની ગૌરવતાનું ધ્યાન તે રસગૌરવધ્યાન. અર્થાત્ " મારી રસવતી ( ભોજન )માં જેવો રસ છે તેવો બીજાની રસવતીમાં શું હોય ? " એવું અભિમાન પૂર્વક જે ધ્યાન તે જળના દૃષ્ટાંતમાં કહેલા જિતશત્રુ રાજાને સુબુદ્ધિ મંત્રી પાસે પોતાની રસવતીના રસની પ્રશંસા કરતાં થયું હતું.

૬૧ સાત ગૌરવધ્યાન—સુખના ગર્વનું ધ્યાન. એટલે ' હુંજ સુખી છું ' એવા અભિમાનવાળું ધ્યાન ઘણા જીવોને થાય છે.

૬૨ અવિરમણ ધ્યાન—અવિરહ ધ્યાન એટલે પુત્રાદિકનો વિરહ ન થાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાષા બોલે છે કે તેથી સાંભળનાર તેના સંબંધમાં ખરી સ્થિતિ સમજી શકતો નથી. તે બોલે છે 'હે ભાઈ! અમારા તે શું વખાણ કરોછો? પૂર્વના મહાત્માઓમાં જે ગુણો હતા તેનો લેશ પણ આપણામાં હોવાનો સંભવ નથી અને છે પણ નહિ. સ્તુતિ તો પૂર્વકાળના મહાત્માઓનીજ ઘટે.' આવા વિચાર બતાવતી વખતે જો તેઓના મુખમુદ્રાના અને હાથના ચાળા જોયા હોય તો તે પરથી સહજ સમજાય કે તે સ્તુતિની ઇચ્છા રાખે છે, અને સ્પષ્ટ રીતે અછતા ગુણ માટે સ્તુતિ ન કરાવવાની તેની ઇચ્છા નથી. આવી રીતે માયાના પ્રસંગનું નિવારણ કરતાં પણ ઘણી વાર માયા થઇ જાય છે એ ખાસ વિચારવા જેવું છે.

શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય અધ્યાત્મસારના દંભાધિકારમાં કહે છે કે—

केशलोचधराशय्या, भिक्षाब्रह्मव्रतादिकम् ।
दंभेन दुष्यते सर्वं, त्रासेनेव महामणिः ॥

"કેશનો લોચ કરવો, ભૂમિ ઉપર શયન કરવું, ભિક્ષા માગવી, શીલ વ્રતાદિક પાળવાં, એ સર્વ ધર્મક્રિયાઓ સાથે જો દંભ હોય તો સુંદર મણિને બટો (ડાઘ) લાગવાથી જેમ તેની કાંતિ મંદ થાય છે તેમ દોષવાળી થઇ જાય છે." તેજ મહાત્મા માયા પાપસ્થાનકની સઝાયમાં કહે છે કેઃ—

કેશ લોચ મલ ધારણ, સુણો સંતાજી
ભૂમિશય્યા વ્રતયાગ, ગુણવંતાજી
સુકર સકળ છે સાધુને, સુણો સંતાજી
દુક્કર માયા ત્યાગ, ગુણવંતાજી.

આ બન્ને વચનોપર બહુ બહુ વિચાર કરવાની જરૂર છે. એક તો જે મહાત્માએ આ વચનો લખ્યાં છે તેમનું અસાધારણ કુશળપણું અને ટંકશાળીપણું પ્રસિદ્ધ છે, અને બીજું તેઓએ જે વાત કરી છે તે પ્રથમ દૃષ્ટિએ બંધબેસતી જણાતી નથી. એક વિદ્વાન માણસ અમુક વિષયપર લેખ લખે છે ત્યારે તે વિષયની મુખ્યતા અને બીજાની ગૌણતા ઘણીવાર કરે છે એમ આપણને લાગે છે; ઉપાધ્યાયજી જેવા સમર્થ લેખકના સંબંધમાં આવી જાતના પ્રસંગની કલ્પના કરવી એ લેખક કરતાં વાચકની અર્થઘટનાની અલ્પ શક્તિ વધારે બતાવે છે, એમ માનવું વાસ્તવિક છે. વિશેષ વિચાર કરતાં જણાય છે કે તેઓશ્રીએ જે હકીકત લખી છે તે યથાસ્થિત છે, પણ તે પુરા અનુભવથીજ જણાય તેવી છે; આપણે એ સંબંધમાં કંઈક વિચાર કરીએ.

અધ્યાત્મસારના શ્લોકમાં તેઓ કહે છે કે કેશલુંચન, મલધારણ, ભૂમિશય્યા વિગેરે ધર્મક્રિયા દંભથી મલીન થાય છે. આમાં કાંઇ વિશેષ હકીકત નથી. કેશ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લુંચન, ભૂમિશય્યા એ સર્વ શું છે ? શા માટે છે ? એ સાધ્ય છે કે સાધન છે ? કેશલુંચનથી પોતાથી કાંઈ લાભ નથી, પણ કેશલુંચન એ તપ છે; અને તેથી કર્મ નિર્જરા થવાને લીધે આત્મવિભૂતિ પ્રકટ થાય છે. આથી કેશલુંચન, ભૂમિશય્યા એ સર્વ આત્મ વિભૂતિ પ્રકટ કરવાના સાધનો છે. જેઓ કેશલુંચનમાં, અથવા ભૂમિશય્યામાં કે એવા કોઈ પણ સાધન ધર્મોમાંજ પરિપૂર્ણતા સમજતા હોય તેઓ બહુ મોટી ભૂલ કરે છે, અને આવી ભૂલ કરનારા આ કાળમાં બહુ પ્રાણીઓ હોય છે. આપણા કેટલા તકરારો, લડાઈઓ અને તડો આ સાધન ધર્મને સાધ્ય ધર્મ માનવાની ભૂલને આભારી છે, એ તટસ્થ દૃષ્ટિથી અને બારીક દૃષ્ટિથી આલોચના કરનાર સહજ સમજી શકે છે. આ સાધન ધર્મોનો પ્રકાશ બહુ જબરો છે. તેઓ હોય ત્યાં સુધી કોઈ પણ પ્રકારની અંધતા થતી નથી, અને તે નિરંતર બન્યા રહે તો આત્મવિભૂતિ પ્રકટાવી આપે છે. એ સાધન ધર્મોના વિશુદ્ધ પ્રકાશ પર દાંભિક વર્તન કચરો નાખે છે. જેમ એક રત્ન અત્યંત તેજવાળું, કાંતિવાળું, પ્રભાવાળું હોય, પણ તેમાં જો એકજ એબ હોય, એક ડાઘ પડેલો હોય કે એક છેદ પડેલો તો તેની કાંતિનો તેટલે દરજ્જે નાશ થાય છે, તેવીજ રીતે સાધન ધર્મો સાથે દંભનું વર્તન હોય તો તે બટ્ટા-ડાઘ જેવુંજ કામ કરે છે. આત્મવિભૂતિનો સ્વયંપ્રકાશ પાડવાની સાધનધર્મોમાં જે શક્તિ છે તે શક્તિ પર દંભ-કપટ-માયા-બટ્ટા જેવું કામ કરે છે. સાધન ધર્મો વડે જે સાધ્ય પ્રાપ્ત કરવાની આ જીવની ઈચ્છા છે તે દંભની હાજરીમાં નષ્ટ થઈ જતી હોવાથી સાધન ધર્મોને બટ્ટા લાગે છે, ડાઘ લાગે છે, મેલ લાગે છે, અને તેથી આત્મવિભૂતિનો સ્વયંપ્રકાશ પડતો નથી.

આ હકીકત કરતાં પણ માયાના સ્વાધ્યાયમાં જે હકીકત કહી છે તે બહુ વિચારવા જેવી લાગે છે, અને તેનાથી ઉપરની વાતનો ખુલાસો પણ થાય છે. ત્યાં તેઓશ્રી કહે છે કે કેશલુંચન, મળધારણ, ભૂમિશય્યા વિગેરે સહેલાં છે, પણ માયાનો ત્યાગ દુષ્કર છે. માયામાં આટલું બધું શું છે ? આપણે સમજીએ છીએ ત્યાં સુધી તો ભુખ્યા રહી તપસ્યા કરવી કે અખંડ બ્રહ્મચર્ય પાળવું એ મહા મુશ્કેલ લાગે છે. માથાનો એક બાલ કોઈ તોડે કે ખેંચાઈ જાય તો આંખમાં પાણી આવી જાય છે, તો એવા સર્વ બાલોનો એક સાથે લોચ કરાવવો એ મહા મુશ્કેલ છે. એવીજ રીતે ઉગ્ર વિહાર, મલધારણ, સચિત્ત ત્યાગ વિગેરે અનેક મુશ્કેલીઓ બહુ મહાન લાગે છે. જ્ઞાની મહારાજ કહે છે કે આ સર્વથી વધારે મુશ્કેલ માયાત્યાગ છે, અથવા વાસ્તવિક શબ્દોમાં કહીએ તો કેશલુંચનાદિક તો સહેલા છે, અને માયાત્યાગ દુષ્કર છે. જો આમ હોય તો આત્મવિભૂતિના પ્રાદુર્ભાવમાં સાધન ધર્મો જે સહાય કરે તેમ છે તેને માયાયુક્ત વર્તન અટકાવી શકે એ સંભવિત લાગે છે, કારણકે બન્નેમાં એનું જોર વિશેષ છે, એનું અસ્તિત્વ એક વખત સ્વીકારાયું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો પછી એની આત્મવિભૂતિ પ્રકટન ક્રિયા વિરૂદ્ધ એનું વર્તન તો સહજ સમજાય તેવું છે: પણ હાલ તો મુખ્ય સવાલ એ છે કે માયાત્યાગને એ સર્વથી દુષ્કર શામાટે કહેલ હશે? સામાન્ય અવલોકનથી તો એનાં કારણો બેજ લાગે છે. એક તો આ જીવનો કષાય કરવાનો સ્વભાવ અને બીજું અલ્પ કિંમતે કે વગર કિંમતે મળતી લોકસ્તુતિ મેળવવાની ચાહના. એ માયાનું દુષ્કર ત્યાજ્યપણું એટલું સાબિત છે કે ઘણી બાબત કેશલુંચન જેવા પ્રબળ વિકટ કાર્યોમાં પણ અંતરમાં તે ભરેલી હોય છે. કેશલુંચનથી આત્મિક વિભૂતિ પ્રકટ કરવાની ઇચ્છા હોવાને બદલે ઘણીવાર જે મહાત્માઓ કેશલુંચન કરાવતા હોય તેઓના જે મહાન સદ્ગુણો બહુધા હોય, જે નિસ્પૃહવૃત્તિ તેઓમાં હોય, જે સત્સંગતિનો મહિમા તેઓની સાન્નિધ્યમાં હોય તે પોતામાં છે એવું વગર બોલે અનુમાન કરાવવાની અતિ અધમ પણ અતિ સામાન્ય વૃત્તિ આવા પ્રાણીઓમાં પણ ભરેલી હોય છે. આ કારણથી કેશલુંચનાદિક મહાન વિકટ કાર્યો કરતાં પણ માયાત્યાગ મુશ્કેલ છે. એ બહુ મુશ્કેલ છે તેનું કારણ એ કે પતિત થવાના સર્વ માર્ગો તરફ આ જીવની સામાન્ય અભિરૂચિ અનાદિ અભ્યાસને લીધે રહે છે, પણ તેની સાથે એટલું પણ નિરંતર લક્ષ્યમાં રહેવું જોઈએ કે તેનો ત્યાગ જેટલો મુશ્કેલ છે તેટલોજ લાભપ્રદ છે. માયાત્યાગવાળા પુરૂષો 'સરળ' કહેવાય છે. આ સરલતા મહા સદ્ગુણ છે. મનના વિચાર, જીહ્વાનો ઉચ્ચાર અને કાયાની પ્રવૃત્તિ એકસરખી પ્રવર્તતી હોય ત્યારેજ સરળતા હોઇ શકે છે, અને આ ત્રિપુટીને એકસરખી રીતે શુદ્ધ અને એકસરખો માર્ગ આપવો એજ સજ્જનનું લક્ષણ છે. મનમાં જુદા વિચારો હોય, બોલવામાં સાકરના ગાંગડા પીપના પીપ ગોઠવી દેવાતાં હોય, અને વર્તન એ બન્નેથી જુદા પ્રકારનું હોય એ માયાવી—કપટી પુરૂષનું મુખ્ય લક્ષણ છે. આર્જવતા—સરલતા જે મહાન સદ્ગુણ છે, દશ યતિધર્મોમાં ત્રીજો ધર્મ છે એ માયાવી પુરૂષોમાં હોતો નથી.

એક કપટી પુરૂષ સાથે વાતચીત કરવાનો પ્રસંગ આવે ત્યારે જ્યાંસુધી તેનું અંતરવર્તન જાણવામાં આવતું નથી ત્યાંસુધી તેની સાથે વાતચીતનો રંગ જુદોજ હોય છે, અને પછી એકાદ પ્રસંગે પણ જ્યારે તે ઉઘાડો પડી જાય છે ત્યારપછી સુજ્ઞ મનુષ્યોને તો તેની સાથે વાતચીત કરવામાં પણ કંટાળો આવે છે, અને ઘણા કરીને તે સાચી કે ખોટી ગમે તેવી વાત કરતો હોય પણ તે માનવામાં આવતી નથી. આ પ્રમાણે થવું તે તદ્દન બનવા જોગ છે. એક વખત એક માણસ માટે એમ જાણ્યું કે તેના વિચાર અને વર્તનમાં ભિન્નતા છે, પછી તેનાં વચન કે વર્તનપર વિશ્વાસ રહેવો લગભગ અશક્યજ છે. આવા માણસોની કામ કરવાની શૈલી એવી વિચિત્ર હોય છે કે તેઓ કયે વખતે કોને કેવી રીતે મારશે તે પણ કહી શકાય નહિ. શાસ્ત્રકારો તેથીજ કહે છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अहो खलभुजंगस्य, विचित्रोऽयं वधक्रमः ।
अन्यं च दशति श्रोत्रैरन्यं प्राणैर्वियुज्यते ॥

"ખલરૂપ સર્પ બીજાને મારવાનો રસ્તો વિચિત્ર પ્રકારે લે છે. તે એક માણુણના કાનોને ડંસ દે છે અને બીજાના પ્રાણ છોડાવે છે." સામાન્યરીતે જે માણુસને સર્પ ડંસે તેના પ્રાણ જાય છે, પણ કપટી માણુસ એક માણુસના કાનમાં ઝેર રેડી તેને હથિયાર બનાવી તેનાવડે બીજાના પ્રાણ લે છે. આવી વિચિત્ર સ્થિતિને લીધે કપટી માણુસનો કોઇ વિશ્વાસ કરતું નથી. ઉમાસ્વાતિ મહારાજ શ્રી પ્રશમરતિ પ્રકરણમાં કહેછે કે;—

माया शीलः पुरुषः, यद्यपि न करोति किंचिदपराधम् ।
सर्प इवा विश्वास्यो, भवति तथाप्यात्मदोषहतः ॥

"માયાવી પુરૂષ કોઇનો કાંઇપણ અપરાધ ન કરે તોપણ પોતાના દોષથી હણાયેલો હોવાને લીધે તે સર્પની પેઠે અવિશ્વાસ કરવા યોગ્ય રહે છે." આ બાબત કાંઇ સામાન્ય નથી, કપટી પુરૂષ અપરાધ ન કરે તોપણ તે વિશ્વાસનું પાત્ર બનતો નથી, પણ નિરંતર ગેરભરોસાને પાત્રજ રહે છે. એક વખત એક માણુસના સંબંધમાં એમ જણાયુંકે તે નીચ કપટબાજીઓ ખેલે છે, ખાનગી કાવાદાવા કરેછે, કપટકળા કેળવેછેઃ એટલે પછી તે સાચી બાબત કહેતો હોય તોપણ તે સંબંધમાં ચોકસાઇ કરવાની ઇચ્છા રહે છે. દુનિયાનો વ્યવહાર વિશ્વાસ ઉપરજ ચાલે છે. હુંડી લેનાર વેપારી સમજે છે કે તે લખનારનો આડતીયો હુંડી શીકારશે, આડત બાંધનાર વેપારી સમજે છે કે પોતાનો ઓર્ડર જતાંજ આડતીઓ માલ મોકલશે, હજારો રૂપિયાઓની લેણદેણ કરતાં સહી વગરના સોદાઓ વિશ્વાસથીજ કબૂલ થાય છે, ક્રેડીટ ઉપર વિશ્વાસથીજ હજારો રૂપિયા લેણા રાખવામાં આવે છે; પરંતુ એક વખત વિશ્વાસ ગયો એટલે વ્યવહાર બંધ થાય છે. એક માણુસ એક વચન બોલે અને બીજો સામો માણુસ તેજ વખતે તેના વચન ખાતરજ તે કબૂલ ન કરે તો એક વ્યવહારૂ માણુસ તરીકે બોલનાર માણુસની છંદગી રદબાતલ છે. એમ સમજવું, અને કપટી પુરૂષોના સંબંધમાં આવું વારંવાર જોવાય છે, તદ્દન સારી બાબતમાં પણ તેને માટે કહેવાય છે કે 'ભાઇ! સંભાળજો, સાવચેત રહેજો.' તેજ મહાત્મા પ્રશમરતિમાં અન્યત્ર પણ કહે છે કે शाठ्यात्प्रत्ययहानिम् 'માયા કપટ લુચ્ચાઇ કરવાથી વિશ્વાસનો નાશ થાય છે.' કપટવર્તનથી પરભવમાં અનેક હાનિઓ થાય છે, તે ઉપરાંત આ ભવમાં જે મોટામાં મોટી હાનિ થાય છે તે વિશ્વાસના નાશની છે. દુનિયાદારીમાં પડનાર માણુસને વિશ્વાસ એટલો અગત્યનો વિષય છે કે એક વખત તે ખોઇ નાખ્યા પછી તેને મ્હોં બતાવવું પણ ભારે થઇ પડે છે, અને કદાચ બતાવે તો મ્હોં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષયને અને મનોવિકારને જન્મ આપી તેને એવી સુંદર રીતે પોષે છે કે એકવાર તેના વમળમાં ફસાઇ ગયા પછી કોઇ ભાગ્યશાળીજ તેને તરીને કાંઠે આવી શકે છે. આથી સ્થુળ દુઃખો કરતાં પણ કપટત્યાગનું કામ વધારે મુશ્કેલ છે એમ સિદ્ધ થાયછે.

અપૂર્ણ.

# महोपाध्याय श्रीमद् यशोविजय वाचक विनिर्मित श्री अध्यात्मसार ग्रंथान्तर्गत.

## अध्यात्ममाहात्म्याधिकार.

(અધ્યાત્મ સંબંધી ઉલ્લેખ.)

### મંગલાચરણ.

યુગની આદિને વિષે જેમણે જગતને અજ્ઞાન—પંકથી ઉદ્ધર્યું છે, એટલે સૂર્યની પેરે જ્ઞાનપ્રકાશથી જેણે જગતનું અજ્ઞાન દૂર કર્યું છે, અને જે ઇંદ્રોની શ્રેણિ વડે નમાયેલા છે એવા શ્રી નાભિરાજાના પુત્ર આદિદેવ પ્રભુ સદા જયવંતા વર્તો. ૧

હરિણના લાંછનવાળા શ્રી શાન્તિનાથ ભગવાન્ ભવ્ય જનોનાં દુઃખનો અંત કરનારા થાઓ. જેમની નિર્મળ વાણી સૂર્યનાં કિરણોની પેરે ભવ્ય કમળોને પ્રફુલ્લિત કરે છે. ૨

ઉજ્વળ યશનેજ જગતવડે પુરતા હોય તેમ મુખના પવનવડે જેમણે પાંચજન્ય શંખને પુર્યો એવા શિવાદેવીના નંદન શ્રી નેમીશ્વર પ્રભુની અમે સ્તુતિ કરીએ છીએ. ૩

ફણિધરની ફણાઓના પ્રાંતભાગમાં જેમનું પ્રતિબિંબ સંક્રમેલું હોવાથી ત્રિભુવનનો એકીસાથે ઉદ્ધાર કરવાને માટેજ હોય તેમ બહુ રૂપને ભજવાવાળા શ્રી પાર્શ્વપ્રભુ જયવંતા વર્તો. ૪

જેમના વચનામૃતને અદ્યાપિ પર્યંત આસ્વાદી પંડિત પુરૂષો સ્વજીવન સફળ કરે છે એવા જગત માત્રને આનંદદાયી ભગવાન્ શ્રી વર્દ્ધમાન પ્રભુ જયવંતા વર્તો છે. ૫

અજિતાદિક અન્ય (અવશિષ્ટ) જિનોને તથા ગુણ—ગરિષ્ટ ગુરૂ મહારાજને પ્રણમીને હવે અધ્યાત્મ-રહસ્ય પ્રગટ કરવા પ્રેમથી પ્રયત્ન કરૂં છું. ૬

### અધ્યાત્મ—માહાત્મ્ય.

શાસ્ત્રઅભ્યાસથી, તત્વજ્ઞાની મહાપુરૂષોની સાચી પરંપરાથી અને આ બાબતના જાતિઅનુભવથી મેળવેલી યત્કિંચિત્ માહિતી પ્રસ્તુત ગ્રંથ રૂપે નિરૂપણ કરૂં છું. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ ભોગી લોકોને ભામિનીનાં સંગીતમય ગીત પ્રીતિકર થાયછે તેમ યોગીજનોને અધ્યાત્મરસથી દ્રવતાં પદ્ય પ્રીતિને માટે થાય છે. ૮

સ્ત્રીઓનાં ઓષ્ઠામૃતને આસ્વાદવાથી યુવાનોને જે સુખ થાય છે તે અધ્યાત્મશાસ્ત્રના આસ્વાદ રૂપ સુખસાગર આગળ કેવળ બિંદુ માત્ર લાગે છે. ૯

અધ્યાત્મશાસ્ત્રથી ઉત્પન્ન થયેલા સંતોષસુખને અનુભવનારા યોગીજનો રાજાને, કુબેરને તથા ઇંદ્રને પણ ગણતા નથી. ૧૦

અધ્યાત્મશાસ્ત્રના રહસ્યને પામ્યા વિના જે પંડિતતા ઇચ્છે છે તે પાંગળો છતાં કલ્પવૃક્ષના ફળને મેળવવાની ઇચ્છાથી આંગળી ઉંચી કરે છે. ૧૧

અધ્યાત્મશાસ્ત્ર એ દંભ રૂપ પર્વતને ચૂરવાને વજ્ર સમાન. પ્રેમ રૂપ મહા સાગરની વેલ વધારવાને ચંદ્ર સમાન, અને પ્રબળ મોહમાયાના વનને બાળી નાખવા દાવાનળ સમાન છે. ૧૨

અધ્યાત્મશાસ્ત્રનું સામ્રાજ્ય પ્રવર્તતે છતે ધર્મનો માર્ગ સીધો સરલ થાય છે, પાપ રૂપ ચોર પલાયન કરી જાય છે, તેમજ કોઈ પણ ઉપદ્રવ પ્રગટ થતો નથી. ૧૩

જેમના હૃદયમાં અધ્યાત્મશાસ્ત્રનું રહસ્ય પરિણમ્યું છે તેમને કદાપિ પણ વિષય અને કષાયનો તાપ થતોજ નથી. ૧૪

જો અધ્યાત્મશાસ્ત્રના અર્થબોધ રૂપ સુભટની સહાનુભૂતિ ન હોય તો નિર્દય એવો કામ ચંડાળ પંડિતોને પણ પીડા ઉપજાવે. ૧૫

મહા ઋષિરાજો અધ્યાત્મશાસ્ત્રરૂપ દાતરડાવડે વનમાં વિષવેલીની પેરે મનમાં વધતી જતી તૃષ્ણાને છેદી નાંખે છે. ૧૬

વનમાં ઘર, તંગીમાં ધન, અંધારામાં તેજ અને મરૂદેશમાં જળની પેરે કળિકાળમાં ધન્ય પુરૂષોને દુર્લભ એવા અધ્યાત્મ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ૧૭

અન્ય શુષ્કશાસ્ત્રપાઠી કાયક્લેશને પામે છે, અને અધ્યાત્મશાસ્ત્રને જાણનાર અનુભવ રસને ચાખે છે. ગધેડો ચંદનનો ભાર વહે છે, અને ભાગ્યશાળીજ તેનો ભોગ ભોગવે છે. ૧૮

ભુજાસ્ફાલન,હસ્ત અને મુખની વિવિધ ચેષ્ટાયુક્ત બીજા બોલે છે,પણ અધ્યાત્મશાસ્ત્રરૂપ જ્ઞાની તો વિકારરહિત દૃષ્ટિથી બોલે છે. ૧૯

અધ્યાત્મશાસ્ત્ર રૂપ હિમાચળવડે મથેલા સિદ્ધાન્તસમુદ્ર થકી અનેક ગુણ રત્નોને બુધો (વિચક્ષણ પંડિતો) કેમ મેળવી શકે નહીં? અપિતુ મેળવી શકેજ. ૨૦

વિષયભોગ કરવામાં ભોગ પર્યંત અને મિષ્ટાન્ન ભોજનમાં ભોજન પર્યંત રસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણે છે, પણ અધ્યાત્મશાસ્ત્ર સેવવામાં તો અનહદ રસ અનુભવાય છે. ૨૧

કુતર્ક ગ્રંથના સાર જાણવાવડે ગર્વ રૂપ જ્વરથી વિકારવાળી થએલી દૃષ્ટિ અધ્યાત્મશાસ્ત્રરૂપ ઔષધથી નિર્મળ થાય છે. ૨૨

જેમ લક્ષ્મીવંતને સ્ત્રીપુત્રાદિક સંસારની વૃદ્ધિ માટે થાય છે, તેમ પાંડિત્યાભિમાનીને અધ્યાત્મદૃષ્ટિ વિનાનું શાસ્ત્ર પણ સંસારવૃદ્ધિ માટેજ થાય છે. ૨૩

તે માટે અધ્યાત્મશાસ્ત્રનો અભ્યાસ કરવો, પુનઃ પુનઃ તેનું મનન કરવું, તેનો પરમાર્થ આદરવો અને કોઇ યોગ્ય અધિકારીને તે પરમાર્થ બતાવવો. ૨૪

## અથ અધ્યાત્મ સ્વરૂપાધિકાર.

'હે ભગવન્! જેનું માહાત્મ્ય આપ વર્ણવો છો તે અધ્યાત્મ શું છે?' એમ શિષ્યે પુછયાથી ગુરૂમહારાજ તેનો ઉત્તર આપે છે કે–હે વત્સ ! શાસ્ત્રાનુસારે હું તને તેનું સ્વરૂપ બતાવું છું તે તું ( સાવધાનપણે ) સાંભળ.૧

મોહવિકળતા રહિત પુરૂષો આત્મશુદ્ધિનેજ અર્થે જે શુદ્ધ નિર્દોષ ક્રિયા કરે છે તેજ અધ્યાત્મ છે એમ વીતરાગ પ્રભુ ઉપદિશેછે. ૨

જેમ સર્વ પ્રકારનાં ચારિત્રોને વિષે સામાયક સહગત રહે છે તેમ સર્વ પ્રકારના મોક્ષમાર્ગમાં અધ્યાત્મ સહગતજ રહે છે. ૩

ચતુર્થ ગુણસ્થાનકથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધી ક્રમે કરીને વધારે વધારે શુદ્ધિવાળી ક્રિયા અધ્યાત્મમય હોય છે. ૪

ખાનપાન, ઉપધિ, માનમહત્વ, ઋદ્ધિ અને ગૌરવને માટે ભવાભિનંદી જીવ જે ક્રિયા કરે છે તે અધ્યાત્મનો લોપ કરનારી થાય છે. ૫

### ભવાભિનંદી જીવ કેવો હોય તે બતાવે છે.

ક્ષુદ્ર (છિદ્રગ્રાહી–દોષવાળો), લોભી–લાલચુ, દીન, અદેખો, ભયવાન્, શઠ, મૂર્ખ અને નકામા આપારંભને સેવનારો ભવાભિનંદી કહેવાય છે. ૬

### મોક્ષાર્થી જીવ કેવો હોય તે કહે છે.

શાન્ત, દાન્ત, વ્રતનિયમમાં સદા સાવધાન અને વિશ્વવત્સલ એવો મોક્ષાર્થી જીવ જે નિર્દંભ–નિષ્કપટ ક્રિયા કરે છે તે અધ્યાત્મ ગુણની વૃદ્ધિને માટે થાય છે. ૭

* * * * * * * * *

મહારથના બન્ને ચક્રોની પેરે અથવા પંખીની બન્ને પાંખોની પેરે શુદ્ધ અવિકારી જ્ઞાન અને શુદ્ધ ક્રિયા એ બન્ને શુદ્ધ અંશ અધ્યાત્મમાં સાથે મળેલા સમજવા, અર્થાત્ શુદ્ધ જ્ઞાનયુક્ત શુદ્ધ ક્રિયાયોગેજ યથાર્થ અધ્યાત્મ હોઇ શકે છે.

* * * * * * * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દંભત્યાગાધિકાર.

દંભ એ મુક્તિલતાને બાળી નાખવાને અગ્નિ સમાન છે, ક્રિયાકાંડ કરવામાં રાહુ સમાન છે, જનસમુદાયમાં અળખામણા થવાનું કારણ છે અને અધ્યાત્મસુખ પ્રાપ્ત કરવામાં મહા વિઘ્નરૂપ છે.

૨ દંભ એ જ્ઞાન–ગિરિને ભેદી નાંખવા વજ્ર સમાન છે, કામઅગ્નિને દીપ્ત કરવા ઘી સમાન છે, સર્વ કષ્ટનો સહોદર છે, અને વ્રતલક્ષ્મીને લુંટવા ચોર સમાન છે, અર્થાત્ તેથી સર્વ વ્રતનિયમોનો સર્વથા લોપ થઈ જાય છે.

૩ દંભવડે વ્રતધારી જે પરમપદને વાંછે છે તે લોહનાવમાં બેસી સમુદ્રનો પાર પામવા ઇચ્છે છે. અર્થાત્ દંભી માણસ વ્રતનિયમ સંબંધી કષ્ટને સહન કરતો છતો પણ ભવમાંજ ભમે છે.

૪ જો દંભ દૂર તજ્યો નથી તો વ્રતવડે કે તપવડે કંઇ વળવાનું નથી. અંધ માણસને આંખ વિના આદર્શ ( દર્પણ )વડે તેમજ દીપકવડે શો ઉપકાર થઇ શકે? અર્થાત્ કંઈજ નહિં.

૫ જેમ ડાઘવડે મહામણિ પણ દૂષિત થાય છે તેમ દંભવડે કેશલોચ, ભૂમિશય્યા, ભિક્ષાભોજન અને બ્રહ્મવ્રતાદિક સર્વ દૂષિત થઈ જાય છે.

૬ રસલંપટતા, શરીરશોભા અને કામભોગાદિક સુખ ત્યજી શકાય, પણ દંભ ત્યજવોજ મુશ્કેલ છે.

૭ પોતાના છતા દોષ ઢંકાય, લોકમાં પૂજા તથા ગૌરવ થાય, એટલામાટેજ મૂર્ખ લોકો દંભવડે કદર્થના પામે છે.

૮ જેમ અસતીનો આચાર અશીલની વૃદ્ધિમાટે થાય છે તેમ વેષધારીના વ્રત દંભ વડે અવ્રતની વૃદ્ધિમાટે થાય છે.

૯ મૂઢ માણસો દંભનો વિપાક જાણતાં છતાં પણ તેનેજ આદરતા થકા પગલે પગલે સ્ખલના પામે છે.

૧૦ અહો ! મોહનું કેવું માહાત્મ્ય છે કે મૂઢ માણસ જેમ કાજળથી રૂપને કાળું કરે છે તેમ દંભવડે ભાગવતી દીક્ષાને પણ દૂષિત કરે છે.

૧૧ જેમ કમળમાં હિમ, શરીરમાં રોગ, વનમાં અગ્નિ, દિનમાં રાત્ર, ગ્રંથમાં અજ્ઞાન, અને સુખમાં કલેશ વિઘ્નરૂપ છે તેમ ધર્મમાં દંભ વિઘ્નકારી છે.

૧૨ તેથી જે સાધુના મૂળ–ઉત્તર ગુણોને ધારણ કરવા અસમર્થ છે તેણે શ્રાવકના વ્રત આદરી તે યથાર્થ પાળવાં યુક્ત છે પણ દંભવડે સાધુવેષ રાખીને જીવવું યુક્ત નથીજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩ સાધુના વેષ ઉપર દઢ રાગ હોવાથી જે તે વેષને ત્યજી શકે નહિં તે નિર્દંભ-દંભરહિત સાધુસેવાનો રસિક એવો સંવિજ્ઞ પાક્ષિક થઇ શકે.

૧૪ ચારિત્રક્રિયામાં શિથિલ છતાં નિર્દંભ અને શુદ્ધાર્થભાષી—સત્ય પ્રરૂપક એવા આ ગુણાનુરાગી સાધુની થોડી પણ યતના કર્મના ક્ષય માટે થાય છે.

૧૫ મહાવ્રતનો ભાર પોતાનાથી વહી શકાતો નથી, એમ સ્ફુટ રીતે જાણતાં છતાં જે દંભ થકી પોતાનામાં સાધુપણું જણાવે છે તેમનું નામ લેતાં પણ પાપ લાગે છે.

૧૬ જે સાધુઓ અવસર ઉચિત યતનાને પણ સમ્યક્ સેવતા નથી તેવા દાંભિક જનો સાધુના નામથી કેવળ જગતને ઠગનારાજ છે એમ જાણવું.

૧૭ ધર્મને બ્હાને અતિ ખ્યાતિના લોભથી પોતાના પાપ ઉપર ઢાંકપીછોડો કરી કપટ કેળવી તે નીચ છતાં જગતને તૃણ તુલ્ય લેખે છે.

૧૮ એમ માયા—કપટથી આપબડાઇ અને પારકા અપવાદ બોલવાથી પરભવમાં પણ યોગમાર્ગ પામવામાં અંતરાય રૂપ કઠણ કર્મ બંધાય છે.

૧૯ એટલા માટે આત્માર્થી જનોએ દંભને અનર્થકારી જાણી ત્યજવો જોઇએ. સરલ સ્વભાવી જીવનુંજ કલ્યાણ થાય છે, એમ આગમમાં કહેલું છે.

૨૦ જિનેશ્વર ભગવાને કોઇ પણ બાબત એકાંત વિધિ કે નિષેધ કરેલ નથી, પરંતુ કોઇ પણ પ્રસંગે દંભરહિત થઇ વર્તવું, એવી તો પ્રભુની એકાંત આજ્ઞા વર્તે છે.

૨૧ અધ્યાત્મમાં જેનું ચિત્ત રક્ત થયેલું છે તેને સ્વલ્પ પણ દંભ કરવો ઉચિત નથી, કેમકે સમુદ્રને તરતાં ઝાઝમાં સ્વલ્પ પણ પડેલું છિદ્ર અનર્થકારી થાય છે.

૨૨ મલ્લિનાથજીને સ્વલ્પ પણ દંભ સ્રીવેદની પ્રાપ્તિ રૂપ અનર્થ ભણી થયો એમ જાણી મહાત્માઓએ તેનો પરિહાર કરવા બનતો પ્રયત્ન સેવવો.

ઉપર કહ્યા મુજબ અનર્થપરંપરાને વધારનારી દંભવૃત્તિને તજી કેવળ સ્વપરના કલ્યાણાર્થે મહત પુણ્યયોગે પ્રાપ્ત થયેલ આ દુર્લભ માનવભવ સફળ કરવા અધ્યાત્મસેવી મુનિઓનાં સિદ્ધ વચન યાદ કરવાં ઉચિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# परम सुखप्राप्तिरूप चित्तशुद्धि फलम्.

" सदोषं जवहेतुस्तन् निर्दोषं मोक्षदं मनः
अतएव परेऽपीत्थमामनंति मनीषिणः १

चित्तमेवहि संसारो रागादिक्लेशवासितं
तदेव तैर्विनिर्मुक्तं जवान्त इति कथ्यते. २

गुह्याद् गुह्यतरं तत्त्वं तदिदं कथयामि ते
चित्तमेव हि सद्रत्नं रक्षणीयं प्रयत्नतः. ३

यावद्धावति चित्तं ते जवनं पवनादपि
कामेषु सुखगन्धोपि तावत्तत्र न विद्यते. ४

प्रतिष्ठा शौकरी वीष्ठा राज्यं चित्ते यदा रजः
जोगा रोगा इवा जांति तदा ते परमं सुखं. ५

यदा बहिर्भ्रमं त्यक्त्वा स्थिरी जावं प्रपद्य च
निःस्पृहं जावि चित्तं ते तदा ते परमं सुखं. ६

यदा ध्यानसरो मध्ये निलीनं स्वगुणाम्बुजं
भविष्यत्यलिवच्चित्तं तदा ते परमं सुखं. ७

अजिरामासु रामासु श्यामासु च मशीषु ते
यदा समं जवेच्चित्तं तदा ते परमं सुखं. ८

स्फुरत्कान्तिषु रत्नेषु मृत्स्नायां च न जेदिनी
यदा ते स्यान्मनोवृत्तिस्तदा ते परमं सुखं. ९

अनघ्रानुपरागेन्दु निर्मलं ते यदा मनः
रजस्तमो नाजिजवं तदा ते परमं सुखं. १०

[1]प्रत्ययस्थात रिक्षुब्धे स्वान्तः क्षुब्धे च सज्जने
यदा मनस्ते निर्भेदं तदा ते परमं सुखं ११

१ शत्रौ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



व्याघ्रादिवान्यनिन्दाभ्यः परद्रोहादहेरिव
यदा बिभेति चित्तं ते तदा ते परमं सुखं. १२

धर्मार्थिते परिणतेबंद्दने गन्धवच्चदा
श्राकालमेकभावेन तदा ते परमं सुखं. १३

शीततापादिभिर्नीवै स्याच्चित्तस्यानुपद्रुता
सवसद्दौ यदाहृत्तिस्तदा ते परमं सुखं. १४

यदा न प्रेर्यते चित्तं चिन्मात्र प्रतिबन्धतः
अनादिवासनाभीतस्तदा ते परमं सुखं. १५

ज्ञाननीरैरमृतज्ञारैर्धौतपापमलं यदा
चित्तवस्त्रं भवेच्छुद्धं तदा ते परमं सुखं. १६

सपूर्णं ब्रह्मणा सर्वं समसुच्चावचं जगत्
यदा ध्यायति ते चित्तं तदा ते परमं सुखं. १७

संहृत्य शुद्धद्भावान् भावान्संसारिकान्यदा
चित्तोदधिस्थितिमत् स्यात्तदा ते परमं सुखं १८

परमापेक्षितां त्यक्त्वा दासतां लिप्सते मनः
यदानुभवसाम्राज्यं तदा ते परमं सुखं. १९

न सुषुप्तं यदा चित्तं न सुप्तं न च जागरं
[2]तुर्यावस्थानुभवकृत्तदा ते परमं सुखं २०

इति चित्तं विना नान्यः सुखहेतुर्जगत्त्रये
चित्तवृत्ति ततो रक्ष लक्ष्यन्त्वास्तवीं स्थितिम्. २१

२ उजागर दशा.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ રાગદ્વેષાદિક દોષથી મલીન થયેલું મન ભવભ્રમણહેતુક બને છે, અને સકળ દોષથી મુક્ત થયેલું મન મોક્ષદાયી નીવડે છે. આવા કારણથીજ અન્ય પંડિતો પણ ચિત્તશુદ્ધિના સંબંધમાં આવી રીતે માને છે.

૨ રાગાદિક કલેશથી વાસિત થયેલું ચિત્તજ ખરેખર જન્મમરણજન્ય સંસાર રૂપ છે, અને તે રાગાદિક વિકારથી સર્વથા મુક્ત થયેલું મન જ મોક્ષ રૂપ છે.

૩ આ અત્યંત ગૂઢ તત્વ તુઝને કહું છું કે સારી રીતે સંસ્કારિત કરેલું ચિત્ત રૂપી શ્રેષ્ઠ રત્નજ અતિ યત્નથી સાચવી રાખવું. તેને મોકળું—રઝળતું તો નજ મુકવું.

૪ જ્યાં સુધી વાયુથી પણ અધિક વેગવાળું તારૂં મન વિવિધ વિષયોમાં દોડાદોડ કરે છે ત્યાંસુધી તુજને સાચા સુખનો ગંધ પણ આવ્યો નથી.

૫ જ્યારે માન—પ્રતિષ્ઠા મનમાં ભુંડની વિષ્ટા જેવી અનિષ્ટ લાગશે, રાજ્યનું સુખ રજ જેવું નિર્માલ્ય લાગશે, અને વિષયભોગ પણ રોગની જેવા અળખામણા લાગશે ત્યારેજ તુજને પરમસુખ પ્રાપ્ત થશે.

૬ જ્યારે તારૂં ચિત્ત બહાર ભટકવું તજી દઇ, સ્થિરતાને પામી નિઃસ્પૃહ બની જશે ત્યારેજ તને પરમસુખ પ્રાપ્ત થશે.

૭ જ્યારે તારૂં ચિત્ત ધ્યાનસરોવર મધ્યે આત્મગુણાસ્વાદ રૂપી કમળમાં ભ્રમરની જેમ લીન થઇ જશે ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે.

૮ જ્યારે તારૂં મન મનોહર સ્ત્રીઓમાં અને કાળી મશીમાં સમભાવ ધારણ કરશે ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે.

૯ દેદીપ્યમાન રત્નોમાં અને મટોડીમાં જ્યારે મનોવૃત્તિ એક સરખી થશે ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે.

૧૦ મેઘના આવરણ અને રાહુના અંતરાયથી રહિત એવા ચંદ્રમાની જેવું નિર્મળ તથા રજોગુણ અને તમોગુણ વિનાનું જ્યારે તારૂં ચિત્ત થશે ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે.

૧૧ ક્રોધાતુર થયેલા શત્રુ ઉપર અને શુદ્ધ અંતઃકરણવાળા સજ્જન ઉપર જ્યારે તારૂં મન સમભાવ ધારણ કરશે ત્યારેજ તને પરમ સુખની પ્રાપ્તિ થશે.

૧૨ જ્યારે તારૂં મન વાઘથી જેટલું ડરે તેટલું પરનિંદાથી અને વિષધરથી જેટલું ડરે તેટલું પરદ્રોહથી ડરતું રહેશે, અર્થાત્ પ્રાણાન્તે પણ પરનિંદા અને પરદ્રોહમા પ્રવૃત્તિ કરશે નહિં ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩ ચંદનને વિષે સુગંધની પેરે તારા ચિત્તને વિષે જ્યારે ધર્મ સદાકાળ એક સરખી રીતે પરિણમશે ત્યારેજ તુજને પરમ સુખની પ્રાપ્તિ થશે.

૧૪ શીત તાપાદિક ભાવોવડે જ્યારે ચિત્તની લગારે લાગણી દુઃખાશે નહીં, અને સર્વ સાધક બાધક ભાવોને એક સરખી રીતે સહી શકે એવી અભેદ વૃત્તિ થશે ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે.

૧૫ જ્યારે તારૂં ચિત્ત અનાદિ વાસનારૂપ વાયરાવડે જ્ઞાનમાત્રના આસ્વાદન થકી અન્ય સ્થળે દોરાઇ નહીં જાય, પરંતુ કેવળ જ્ઞાનના રસમાંજ મગ્ન બન્યું રહેશે ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે.

૧૬ જ્યારે સમ્યગ્જ્ઞાન રૂપી નિર્મળ નીરવડે અને દુર્ધર વ્રત રૂપી તીક્ષ્ણ ક્ષાર વડે તારૂં ચિત્તરૂપી વસ્ત્ર સર્વ પાપ રૂપી મળથી રહિત એવું શુદ્ધ થશે ત્યારે જ તને પરમ સુખની પ્રાપ્તિ થશે.

૧૭ જ્યારે તારૂં ચિત્ત (તારો આત્મા) સંપૂર્ણ જ્ઞાનવડે જગતના ન્હાના મોટા સર્વ જીવોને સમદૃષ્ટિથી જોશે ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે.

૧૮ પાણીના પરપોટા જેવા (ક્ષણિક) સર્વ સાંસારિક ભાવોને સંહરીને (સમેટીને) ચિત્ત જ્યારે આત્મ ઉદધિમાં સ્થિતિવાળું થશે અર્થાત્ જ્યારે ચિત્ત સર્વ સાંસારિક પદાર્થો ઉપરથી સર્વથા વિરક્ત—ઉદાસીન બની પરમ શાંતિના સ્થાન રૂપ આત્મામાંજ સ્થિત થશે ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે.

૧૯ પરવસ્તુની અપેક્ષાવાળી પરાધીનતા તજી દઈને જ્યારે ચિત્ત અનુભવ સામ્રાજ્યનેજ સ્વાધીન કરવા ઇચ્છશે ત્યારેજ તને પરમસુખપ્રાપ્ત થશે.

૨૦ સુષુપ્તિ (નિદ્રા), સ્વપ્ન, અને જાગર એ ત્રણે અવસ્થાને ઉલ્લંઘી જ્યારે તારૂં ચિત્ત ઉજાગર દશારૂપ ચતુર્થી અવસ્થાનો અનુભવ લેશે ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે.

૨૧ એવી રીતે નિર્મળ ચિત્ત વિના અન્ય કોઇ સુખહેતુ જગત્ત્રયમાં નથી માટે વસ્તુસ્થિતિને લક્ષમાં સ્થાપી ચિત્તવૃત્તિનું (સદા) સંરક્ષણ કર.

ઇતિ.

For Private And Personal Use Only